ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

# ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
# ગાંધીનગર

ફરિયાદી:- કનુ કાપડિયા

સામાવાળા :- આકાશ ડોબરિયા

પ્રોજેક્ટ : "ઈકલેટ હાઈટસ"

ફરિયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : પોતે

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : પોતે તથા વકીલ શ્રી હિરેન એ.રાજપૂત

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧)

ફરિયાદનં :- CMP/AHMEDABAD/180717/00102

## હુકમ

તા.૦૮/03/૨૦૧૯

૧.૦ ફરિયાદીની ફરિયાદની ટુંકમાં વિગત નીચે મુજબ છે.

૧.૧ ફરિયાદી દ્વારા સામાવાળાના ન્યુ નિકોલમાં આવેલ "ઈકલેટ હાઈટસ" નામના પ્રોજેક્ટમાં ફ્લેટ નં. એ-૫૦૨ અને એ-૫૦૩ બુક કરાવેલ અને પૂરૂ પેમેન્ટ આપી દીધેલ પરંતુ સામાવાળા દ્વારા પ્રોપર્ટીના દસ્તાવેજ કરી આપવામાં આવતા ના હોઈ, વહેલી તકે કરી આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ છે. ફરિયાદી દ્વારા બાનાખતની નકલ, બેંક સ્ટેટમેન્ટની નકલ, પ્રોજેક્ટ બ્રોશરની નકલ, અમુક ફોટોગ્રાફ્સ ઈ-મેઈલ્સ પુરાવારૂપે રજૂ કરેલ છે.

૨.૦ ફરિયાદી તથા સામાવાળા બન્નેને સુનાવણી અર્થે રૂબરૂમાં બોલાવવામાં આવેલ અને બન્ને દ્વારા સમાધાન અંગે વિચારણા માટે જણાવવામાં આવેલ જે અંગે બન્ને દ્વારા સમય માંગવામાં આવતાં મુદત આપવામાં આવેલ.

૨.૧ ફરિયાદી અને સામાવાળા બન્ને વચ્ચે સમાધાન થઈ જતાં ફરિયાદી દ્વારા તેમના તા.૨૯/૦૧/૨૦૧૯ નાં પત્રથી ફ્લેટ નં.એ-૫૦૧ અને એ-૫૦૨ ના દસ્તાવેજની નકલ રજૂ કરેલ છે. આમ, ફરિયાદીની માંગણી સંતોષાઈ ગઈ હોવાનું જણાય છે.

## હુકમ

૧.૦ ફરિયાદ મુજબનાં પ્રોપર્ટીના દસ્તાવેજ થઈ ગયેલ હોઈ, ફરિયાદીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

મેમ્બર-૧